જિરાફ માટે 'VIP ટ્રીટમેન્ટ': યુગાન્ડામાં આંખે પાટા બાંધી ખાસ ટ્રકમાં મુસાફરી

લુપ્ત થવાના આરે આવી ગયેલી નુબિયન પ્રજાતિના જીરાફને યુગાન્ડામાં અજાઇ વાઇલ્ડલાફ રિઝર્વમાં ખસેડવામાં આવ્યું બેભાન કર્યા, કાન-આંખ ઢાંક્યા અને ટ્રકમાં ચઢાવ્યા

12 જિરાફને નવું સરનામું આપવા ડોક્ટરો અને રેન્જર્સે હાથ મિલાવ્યા

કંપાલા, તા. ૨૪: એક જિરાફને યુગાન્ડાના વાઇલ્ડલાઇફ રિઝર્વ ખાતે ખસેડતી વખતે રેન્જર્સ અને પશુચિકિત્સકો દ્વારા ખાસ વીઆઇપી ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી.

યુગાન્ડા વાઇલ્ડલાઇફ ઓથોરિટીના રેન્જર્સે આ નુબિયન જિરાફને ઉત્તર-પશ્ચિમ યુગાન્ડામાં આવેલા અરુઆ નજીકના 'અજાઈ વાઇલ્ડલાઇફ રિઝર્વ' ખાતે સ્થળાંતરિત કરતી વખતે બુધવારે બેભાન કર્યું હતું. સ્થળાંતર દરમિયાન આ જિરાફની આંખો કાપડથી ઢાંકેલી અને તે દોરડાં વડે બાંધેલું જોવા મળ્યું હતું. જિરાફને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવું એ તેમની અનોખી ઊંચાઈ અને શારીરિક રચનાને કારણે ખૂબ જ પડકારજનક કામ છે. એકવાર બેભાન કર્યા પછી, દરેક જિરાફને ધીમેથી જમીન પર બેસાડવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમની આંખો અને કાન કાળજીપૂર્વક ઢાંકી દેવામાં આવ્યા હતા અને ખાસ ડિઝાઇન કરેલા ટ્રાન્સપોર્ટ ટ્રકમાં ચઢાવતા પહેલાં વેટરનરી ડોક્ટરો દ્વારા સતત તેમનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. UWA ના વેટરનરી સર્વિસિસના આસિસ્ટન્ટ કમિશનર ડૉ. પેટ્રિક અતિમનેદીના નેતૃત્વમાં ચાલી રહેલા આ ઓપરેશન હેઠળ કુલ 12 નુબિયન જિરાફને 'અજાઈ વાઇલ્ડલાઇફ રિઝર્વ'માં સ્થળાંતરિત કરવામાં આવે તેવી ધારણા છે. તેમણે જણાવ્યું હતું કે: અમે આ લુપ્ત થવાના આરે આવી ગયેલા નુબિયન જિરાફોના વસવાટનો વિસ્તાર વધારવા તેમજ અજાઈ વાઇલ્ડલાઇફ રિઝર્વમાં પ્રજાતિઓનું વૈવિધ્ય લાવવા માંગીએ છીએ.

વેઠપ્રથા બાબતે અમેરિકાએ ભારતીય વસ્તુઓ પર ૧૦ ટકા ટેરિફ લાદ્યો

અગાઉ ભારતને 12.5 ટકા ટેરિફની શ્રેણીમાં રખાયું હતું, પણ ભારતે પોતાની વિદેશ વેપાર નીતિમાં કરેલા સુધારાને ધ્યાનમાં લઇને તેને ૧૦ ટકાની શ્રેણીમાં મૂકાયું

ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ સહિત ૧૭ દેશોને ૧૦ ટકા ટેરિફ લાગશે, અન્ય ૪૩ દેશોને ૧૨.૫ ટકા ટેરિફ લાગશે

વોશિંગ્ટન, તા. 24(PTI): અત્યાચારપૂર્વક મજૂરી કરાવીને બનાવવામાં આવતી વસ્તુઓ સામેના વ્યાપક પગલાંના ભાગરૂપે, અમેરિકા દ્વારા ભારત અને અન્ય 16 દેશોમાંથી આયાત થતા સામાન પર 10 ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે.

3 જૂનના રોજ, જ્યારે અમેરિકાએ 'ટ્રેડ એક્ટ'ની કલમ 301 હેઠળ ટેરિફની જાહેરાત કરી હતી, ત્યારે ભારતને 12.5 ટકા જકાત વસૂલવા માટેના દેશોની શ્રેણીમાં રાખવામાં આવ્યું હતું. પરંતુ નવી દિલ્હીએ વેઠ પ્રથાથી ઉત્પાદિત સામાનની આયાત પર પ્રતિબંધ મૂકવા માટે પોતાની વિદેશી વેપાર નીતિમાં કરેલા સુધારાને વોશિંગ્ટને ધ્યાનમાં લીધો હતો. ભારત સહિત 60 દેશોમાં વેઠ પ્રથાની પ્રથાઓ અંગે અમેરિકાની તપાસ ચાલી રહી હતી તે દરમિયાન, 14 જુલાઈના રોજ ભારતે પોતાની નીતિમાં સુધારો કરીને આ પ્રતિબંધ દાખલ કર્યો હતો.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે આ મુદ્દે એક મેમોરેન્ડમમાં જણાવ્યું હતું કે, આ પગલાંના પરિણામે, ટ્રેડ રિપ્રેઝન્ટેટિવે મને સલાહ આપી છે કે આ અર્થતંત્રોને આવા પ્રતિબંધોને અસરકારક રીતે લાગુ કરવા માટે વધુ પ્રોત્સાહિત કરવા માટે તેમના સામાન પર 10 ટકાના દરે ટેરિફ લાદવો જોઈએ.

US ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જામીસન ગ્રીરે તમામ દેશો પર લાગુ 10 ટકા વધારાની જકાતની મુદત પૂરી થવાના એક દિવસ પહેલા, ગુરુવારે 60 દેશો પર નવા ટેરિફની જાહેરાત કરી હતી.

જે દેશો પાસે વેઠ પ્રથા દ્વારા ઉત્પાદિત સામાન પર પ્રતિબંધ મૂકતા કાયદા નથી - જેમ કે ચીન, યુનાઈટેડ કિંગડમ અને જાપાન - તેમણે 12.5 ટકા ટેરિફનો સામનો કરવો પડશે. આ વેઠ પ્રથા ટેરિફ એવા કાચા માલ પર લાગુ થશે નહીં જેનાથી સ્થાનિક પુરવઠો ખોરવાઈ શકે; એવી પ્રોડક્ટ્સ જેનાથી દેશના અર્થતંત્રમાં મોટો વિક્ષેપ પડી શકે અને જે વસ્તુઓ અમેરિકામાં પૂરતા પ્રમાણમાં ઉત્પાદિત કે ઉગાડી શકાતી નથી. ટેરિફનો સામનો કરી રહેલા 60 દેશોમાંથી 10 ટકાનો દર ભારત, કેનેડા, યુકે, બાંગ્લાદેશ અને પાકિસ્તાન સહિત 17 દેશોને લાગુ પડે છે. જ્યારે બાકીના 43 દેશોએ 12.5 ટકા ટેરિફ સહન કરવો પડશે.

ધી વોશિંગ્ટન પોસ્ટના એક અહેવાલ મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્ર થોડા અઠવાડિયામાં જ ટેરિફનો બીજો સેટ રજૂ કરે તેવી અપેક્ષા છે જે એવા દેશોના સામાન પર લાગુ થશે જે વધારાની ઉત્પાદન ક્ષમતાને સબસીડી આપે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આવી સરકારી નીતિઓના પરિણામે વૈશ્વિક બજારોમાં ખૂબ જ ઓછી કિંમતની પ્રોડક્ટ્સનું પૂર આવે છે જેનો અમેરિકી કંપનીઓ સામનો કરી શકતી નથી.

બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ શહાબુદ્દીનનું રાજીનામું

ઢાકા, તા. 24 (પીટીઆઈ): બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને ગંભીર આરોગ્ય કારણોસર શુક્રવારે પોતાના પદેથી રાજીનામું આપી દીધું છે. 76 વર્ષીય શહાબુદ્દીને હૃદયરોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, કિડનીની તકલીફ ઉપરાંત ઓટોનોમિક ન્યુરોપેથીની બીમારી હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે આ બીમારીને કારણે ક્યારેક અચાનક બેભાન થઈ જાઉં છું, તેથી રાષ્ટ્રપતિની જવાબદારી નિભાવવી હવે શક્ય નથી. બંધારણીય જોગવાઈ મુજબ સંસદના સ્પીકર હાફિઝ ઉદ્દીન અહેમદ આગામી 90 દિવસ માટે કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે ફરજ બજાવશે. આ સમયગાળામાં નવા રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાશે. શહાબુદ્દીન એપ્રિલ 2023માં પાંચ વર્ષના કાર્યકાળ માટે રાષ્ટ્રપતિ બન્યા હતા.

થાંભલા પર ચડી ગયેલા રીંછનું વીજ કરંટથી કરૂણ મોત

અમેરિકાના ન્યૂ મેક્સિકો રાજ્યમાં બનેલી ઘટના

ક્લેટોન, તા. ૨૪: અહીં એક રીંછ ૩૫ ફૂટ ઉંચા ટેલિફોનના થાંભલા પર ચડી ગયું હતું અને તેને વીજ કરંટ લાગતા તે કરૂણ રીતે મૃત્યુ પામ્યું હતું.

આ લટકી રહેલા પ્રાણીને ન્યૂ મેક્સિકોના ક્લેટોન નજીકથી પસાર થતા એક વાહનચાલકે જોયું હતું. વિડીયો ફૂટેજમાં રીંછ થાંભલાના ઉપરના ભાગ પર અસુરક્ષિત રીતે સંતુલન જાળવતું અને પોતાની પકડ બનાવી રાખવા સંઘર્ષ કરતી વખતે હાંફતું જોવા મળ્યું હતું. વાહન ચાલકે જણાવ્યું કે પહેલા તો અમને લાગ્યું કે રીંછ મરી ગયું છે, પરંતુ જ્યારે અમે તેની નજીક ગયા ત્યારે અમને ખબર પડી કે તે હજુ પણ જીવતું હતું. ત્યારબાદ ઇમરજન્સી નંબર ૯૧૧ પર કોલ કરવામાં આવ્યો હતો. ઓપરેટરે સ્પષ્ટતા કરતા કહ્યું, "મેં વન્યજીવ વિભાગને કોલ કરી દીધો છે, અને તેમણે કહ્યું કે તેઓ કંઈ કરી શકે તેમ નથી. જો તેઓ ત્યાં જઈને તેને નીચે ઉતારવા માટે ટ્રાંક્વિલાઈઝર મારે, તો તે નીચે પડી જશે અને તેને ઈજા થશે. અધિકારીઓ તેને બચાવે તે પહેલાં જ રીંછ વિજળીનો કરંટ લાગવાથી મૃત્યુ પામ્યું અને આ ઘટનાનો અંત એક કરુણ દુર્ઘટનામાં આવ્યો. વન્યજીવ નિષ્ણાતોએ સમજાવ્યું કે ગભરાયેલા રીંછ, ખાસ કરીને નાના રીંછ, વાહનો, મનુષ્યો અથવા કૂતરાઓથી ડરી ગયા પછી સુરક્ષા માટે વીજળીના થાંભલા પર ચડી જતા હોય છે.

જયશંકર-વાંગની બેઠક અંગેના ચીની રીડઆઉટ સામે ભારતની આકરી પ્રતિક્રિયા

ચીની નિવેદનમાં દાવો કરાયો કે ભારતીય વિદેશ મંત્રીએ ચીનને આશ્વાસન આપ્યું હતું કે ભારત તાઇવાન જેવા મુદ્દાઓ સહિત ચીનના સાર્વભૌમત્વનું સન્માન કરે છે

ભારતે કહ્યું કે તે ચીનના સાર્વભૌમત્વનું કોઇ રીતે ઉલ્લંઘન કરતું નથી, ચીન ભારતીય વિસ્તારો પર ગેરકાયદે કબજો ધરાવે છે

નવી દિલ્હી, તા. ૨૪(PTI): ચીન દ્વારા દ્વિપક્ષીય બેઠકોના સત્તાવાર નિવેદનોમાં સાર્વભૌમત્વ જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કરવા સામે ભારતે શુક્રવારે આકરી પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે તેણે કોઈપણ રીતે ચીનની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કર્યું નથી, પરંતુ બેઠજિંગ હજુ પણ જમ્મુ-કાશ્મીર અને લડાખના વિસ્તારો પર ગેરકાયદેસર કબજો જમાવીને બેઠું છે.

બુધવારે મનિલામાં વિદેશ મંત્રી એસ. જયશંકર અને તેમના ચીની સમકક્ષ વાંગ યી વચ્ચે થયેલી બેઠક અંગે ચીન દ્વારા જાહેર કરાયેલા નિવેદનના જવાબમાં ભારતે આ ટિપ્પણી કરી હતી. ચીની નિવેદનમાં દાવો કરવામાં આવ્યો હતો કે જયશંકરે ચીનની બાજુને આશ્વાસન આપ્યું હતું કે ભારત તાઇવાન અને તિબેટ જેવા મુદ્દાઓ સહિત ચીનના સાર્વભૌમત્વનું સન્માન કરે છે. જો કે, સૂત્રોના જણાવ્યા અનુસાર વિદેશ મંત્રીએ ચીન દ્વારા દાવો કરવામાં આવ્યા મુજબની કોઈ ટિપ્પણી કરી નહોતી. એક મીડિયા બ્રીફિંગમાં આ અંગેના પ્રશ્નનો જવાબ આપતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રંધીર જેસ્વાલે જણાવ્યું હતું કે, હું સ્પષ્ટ કરી દઉં કે વિદેશ મંત્રીએ કહ્યું હતું કે જ્યારે સાર્વભૌમત્વના મુદ્દાઓની વાત આવે છે, ત્યારે વાસ્તવમાં ભારતે જ તે મુદ્દા ઉઠાવવા જોઈએ અને ભારત તે ઉઠાવી રહ્યું છે. તેમણે ઉમેર્યું, ભારત કોઈપણ રીતે ચીનની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરતું નથી અને તે પોતાના વલણમાં સતત સ્પષ્ટ રહ્યું છે, પરંતુ ચીન ૧૯૬૩થી જમ્મુ-કાશ્મીર અને લડાખમાં ભારતીય વિસ્તારો પર ગેરકાયદેસર કબજો ધરાવે છે, જ્યાં ભારતનો અધિકાર ચીન દ્વારા પણ સત્તાવાર રીતે સ્વીકારવામાં આવ્યો છે. જેસ્વાલે વધુમાં કહ્યું, આ ઉપરાંત, જમ્મુ-કાશ્મીરના ભારતની માલિકી ધરાવતા વિસ્તારોમાં ચીનના પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે અને અમે તેનો વિરોધ કરીએ છીએ. ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર (CPEC) ના ભાગરૂપે ચીન પાકિસ્તાન ઓક્યુપાઇડ કાશ્મીર(PoK) અને ગેરકાયદેસર કબજા હેઠળની શક્સગામ ખીણમાં પ્રોજેક્ટ્સનો અમલ કરી રહ્યું છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાંથી પસાર થતા આ કહેવાતા CPECનો ભારતે સખત વિરોધ કર્યો છે. બંને મંત્રીઓ બુધવારે ફિલિપાઇન્સની રાજધાની મનિલામાં દક્ષિણપૂર્વ એશિયાઈ રાષ્ટ્રોના સંગઠન(ASEAN) સંબંધિત બેઠકો દરમિયાન મળ્યા હતા.

કોર્ટ કાર્યવાહીના વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા સુપ્રીમે લગાવી રોક

કોર્ટની કાર્યવાહી '24 કલાકનું મનોરંજન ચેનલ નથી': સુપ્રીમ

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે શુક્રવારે મહત્વપૂર્ણ વચગાળાનો આદેશ આપતાં કોર્ટની કાર્યવાહીનું ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ કોર્ટની પૂર્વ મંજૂરી વિના સોશિયલ મીડિયા અથવા અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર પોસ્ટ, અપલોડ, સંપાદિત, પ્રસારિત કે તેમાંથી કમાણી કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. જોકે, કોર્ટની કાર્યવાહી અંગેના સામાન્ય સમાચાર પ્રસારિત કરવા પર આ આદેશ લાગુ નહીં પડે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું કે કોર્ટ કોઈ '24 કલાકનું મનોરંજન ચેનલ' નથી. સુનાવણી દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીઓના સંપાદિત અને સંદર્ભવિહોણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થવાથી ન્યાયિક પ્રક્રિયાની ગંભીરતા અને વિશ્વસનીયતાને નુકસાન પહોંચે છે.

કોર્ટે કેન્દ્ર સરકાર અને કેટલાક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સહિત સંબંધિત પક્ષોને નોટિસ પાઠવી જવાબ માગ્યો છે. અરજીમાં જણાવાયું હતું કે સુનાવણીના નાના ભાગોને કાપીને ભ્રામક કે સનસનાટીભર્યા શીર્ષકો સાથે વાયરલ કરવામાં આવે છે, જેના કારણે જજો, વકીલો અને પક્ષકારોની પ્રતિષ્ઠાને નુકસાન થાય છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ દલીલ કરી કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જેવી ટેક્નોલોજીથી વીડિયો સાથે છેડછાડ કરીને જજો અથવા વકીલોના શબ્દો પણ બદલી શકાય છે. કોર્ટે કહ્યું કે ન્યાયતંત્રનું ગૌરવ અને વિશ્વસનીયતા જાળવવા માટે આવા દુરુપયોગ પર નિયંત્રણ જરૂરી છે.

ઇરાને કહ્યું આની ભારે કિંમત ચુકવવી પડશે

અમેરિકી દળો તૈનાત છે તે ઉત્તરી ઈરાકના ઈરબીલમાં ડ્રોન હુમલા

ઇરબીલ પર આવેલા પાંચ ડ્રોનને અમેરિકી, ઇરાકી દળોએ તોડી પાડ્યા: કોઇ જાનહાનિ નહીં

બહેરીન પર પણ હુમલો, જાનહાનિની વિગતો નહીં

અમેરિકાએ ઇરાનના એક નેવલ બેઝને નિશાન બનાવ્યું: ખુઝેસ્તાન અને ફાર્સ પ્રાંતોમાં પણ હુમલા કર્યા

ઈરબીલ (ઈરાક), દુબઇ, તા. ૨૪: ડ્રોન દ્વારા વિસ્ફોટકો સાથે ઉત્તરી ઈરાકના એક શહેરને નિશાન બનાવવામાં આવ્યું હતું જ્યાં અમેરિકી દળો તૈનાત છે, અને શુક્રવારે બહરીનમાં સાયરન વાગી ઉઠ્યા હતા. અમેરિકી મિલિટરીએ ઈરાન સામે તેની ૧૩મી રાત્રિના હુમલા પૂર્ણ કર્યાના થોડા કલાકો બાદ આ ઘટના બની હતી.

ઉત્તરી ઈરાકના સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર, શુક્રવારે સવારે ઈરબીલ પર વિસ્ફોટકથી ભરેલા પાંચ ડ્રોનને યુએસની આગેવાની હેઠળના દળોએ રોકીને તોડી પાડ્યા હતા. તેમણે કહ્યું, સૌભાગ્યવશ, આ ઘટનામાં કોઈ જાનહાનિ કે નુકસાન થયું નથી. ઈરાકમાં યુએસ સૈન્ય અધિકારીઓએ ટિપ્પણીની વિનંતીનો પ્રતિસાદ આપ્યો ન હતો. તાજેતરના વર્ષોમાં, અમેરિકાએ ઈરાકની સૈન્યને ઈસ્લામિક સ્ટેટ જૂથ સામે તાલીમ આપવા અને કામગીરી ચલાવવા માટે ઈરાકમાં આશરે ૨,૫૦૦ સૈનિકો રાખ્યા હતા. તેમાંથી ઘણા પાછા ખેંચાઈ ગયા છે, પરંતુ સૈન્ય સલાહકારો અને અન્યોની એક નાની ટુકડી હજુ પણ હાજર છે - જેમાંથી ઘણા ઈરબીલ ખસી ગયા છે.

રાજ્યના ટીવી પર વાંચવામાં આવેલા એક નિવેદન અનુસાર, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે પડોશી દેશોના લોકોને અમેરિકન સૈનિકો ધરાવતા બેઝથી દૂર રહેવાની વિનંતી કરી છે અને તેઓ જ્યાં તૈનાત છે તે સ્થળોની જાણ કરવા પણ કહ્યું છે. જેમ અમેરિકાએ ઈરાન પર બોમ્બમારો કર્યો છે, તેમ તેહરાને પ્રદેશના તેવા કેટલાક દેશોને નિશાન બનાવ્યા છે જ્યાં અમેરિકી સૈનિકો હાજર છે. બહરીન, જે યુએસ નેવીના પમા ફ્લીટનું વડું મથક છે, તેણે શુક્રવારે જણાવ્યું હતું કે તેણે ઈરાની હવાઈ હુમલાઓને રોકીને તોડી પાડ્યા છે.

ક્ષતિગ્રસ્ત જહાજોના રિપેરિંગ માટે ઈરાની ફંડનો ઉપયોગ કરવાની ટ્રમ્પની ધમકી

ટ્રમ્પે જહાજો પરના હુમલાઓ અંગે ઈરાનને પણ ચેતવણી આપતા ગુરુવારે સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે અમેરિકાનાના કબજામાં રહેલા પ્રતિબંધિત ઈરાની ફંડનો ઉપયોગ યુદ્ધમાં ક્ષતિગ્રસ્ત થયેલી બોટોના રિપેરિંગ માટે કરવામાં આવશે. કૃપા કરીને આ નિવેદન આ વાતનું પ્રતિનિધિત્વ કરે કે, આગળની સૂચના સુધી, આ ક્ષણથી, જહાજો, કાર્ગો અથવા તેનાથી સંબંધિત કોઈપણ વસ્તુને થયેલા કોઈપણ અને તમામ નુકસાનની ચુકવણી તે ઈરાની નાણાંમાંથી કરવામાં આવશે જે અમેરિકાના કબજામાં અને નિયંત્રણમાં છે, એમ ટ્રમ્પે કહ્યું હતું. તે અસ્પષ્ટ હતું કે ટ્રમ્પ ફંડ મેળવવા અને ખર્ચ કરવા માટે કઈ કાનૂની પદ્ધતિઓનો ઉપયોગ કરશે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચીએ આ સૂચનની નિંદા કરી હતી અને X પર લખ્યું હતું કે એકવાર સરકારો જહીને સામાન્ય બનાવી દે છે, તો પછી કોઈની પણ સંપત્તિ સુરક્ષિત નથી રહેતી. પરિણામે સર્જાતી અરાજકતા સુંદર કે શાંતિપૂર્ણ નહીં હોય.

અમેરિકા ઇરાન પર સૌથી મોટો હુમલો કરવા તૈયાર: ટ્રમ્પ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકા ઈરાન પર સૌથી મોટો હુમલો કરવા માટે તૈયાર છે. તેમણે કહ્યું, તૈયારી પૂર્ણ થઈ ગઈ છે, હવે માત્ર નિર્ણય લેવાનો બાકી છે. ટ્રમ્પે એવું પણ કહ્યું કે ઈરાને હજુ સુધી પૂરતી તકલીફ સહન કરી નથી. ટ્રમ્પના આ નિવેદન બાદ ઈરાને પણ તરત જ વળતો જવાબ આપ્યો હતો. વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું કે જો અમેરિકા હુમલા ચાલુ રાખશે તો તેને આની 'મોટી કિંમત' ચૂકવવી પડશે. તેમણે ઉમેર્યું કે યુદ્ધ પૂરું કરવાનો રસ્તો વાતચીત છે, નવા હુમલા નહીં. બીજી તરફ, બ્રિટને પણ પોતાની સેનાને હાઈ એલર્ટ પર રાખી છે. બ્રિટિશ સરકારનું કહેવું છે કે જરૂર પડશે તો તેમની સેના દેશની સુરક્ષા માટે તૈયાર છે. આ પહેલાં ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડે ચેતવણી આપી હતી કે જો અમેરિકા બ્રિટનના સૈન્ય મથકોનો ઉપયોગ કરશે, તો તેને પણ નિશાન બનાવવામાં આવી શકે છે.

હવાના પ્રદૂષણને કારણે અમેરિકાના પાંચ રાજ્યોમાં લોકોને ઘરમાં જ રહેવાની સલાહ

એરિઝોના, કેલિફોર્નિયા, ઓરેગોન, વોશિંગ્ટન અને ઇડાહોના વિસ્તારો માટે વાયુ પ્રદૂષણની ચેતવણી જારી કરાઇ

જંગલોમાં લાગેલી આગને કારણે અમુક વિસ્તારોમાં હવામાં ઝેરી તત્વોનું પ્રમાણ જોખમી સ્તરી વધી ગયું

વૉશિંગ્ટન, તા. ૨૪: પાંચ રાજ્યોના અમેરિકનોને ઘરની અંદર જ રહેવાની વિનંતી કરવામાં આવી રહી છે, કારણ કે હવામાં ઝેરી તત્વોની હાજરી છે.

નેશનલ વેધર સર્વિસ એ ગુરુવારે એરિઝોના, કેલિફોર્નિયા, ઓરેગોન, વોશિંગ્ટન અને ઇડાહોના કેટલાક ભાગો માટે એર ક્વોલિટી એલર્ટ જારી કરી છે. જંગલની આગના ધુમાડાને કારણે પેસિફિક નોર્થવેસ્ટના મોટા વિસ્તારોમાં પ્રદૂષણ આરોગ્ય માટે જોખમી સ્તરે પહોંચવાની ધારણા છે. દક્ષિણમાં આગળ વધીએ તો, ફિનિક્સ, ટક્સન અને દક્ષિણ કેલિફોર્નિયા આસપાસના વિસ્તારોમાં જમીનની સપાટી પર ઓઝોનનું હાનિકારક પ્રમાણ સમુદાયો માટે જોખમ ઊભું કરી રહ્યું છે. ઓરેગોન, વોશિંગ્ટન અને ઇડાહોમાં ધુમાડા સંબંધિત એલર્ટ શુક્રવાર સુધી અમલમાં રહેશે, જેમાં કેટલાક વિસ્તારોમાં સંભવિતપણે અત્યંત જોખમી પરિસ્થિતિનો સામનો કરવો પડી શકે છે. દક્ષિણ કેલિફોર્નિયાનું ઓઝોન એલર્ટ સોમવારે રાત્રે ૮ વાગ્યા સુધી ચાલુ રહેશે, જેમાં બપોરે અને સાંજની શરૂઆતમાં પ્રદૂષણ તેની ચરમસીમા પર હોવાની શક્યતા છે. અધિકારીઓ રહેવાસીઓને બહારની પ્રવૃત્તિઓ મર્યાદિત કરવા, ધુમાડો હોય ત્યારે બાળકોને ઘરની અંદર રાખવા અને સ્થિતિ વણસતાં બારી-બારણાં બંધ રાખવા વિનંતી કરી રહ્યા છે.

લંડનની લક્ઝરી હોટલમાં સાઉદી રાજકુમારનું ડ્રગ્સ અને દારૂના ઓવરડોઝથી મોત

પ્રિન્સ લંડનની મેરિયટ હોટેલમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા, કોર્ટ આત્મહત્યાની શક્યતા નકારી

લંડન, તા. 24: હેડિંગ: સાઉદી અરેબિયાના 29 વર્ષીય પ્રિન્સ અબ્દુલ્લા બિન ફહદ બિન અબ્દુલ્લા બિન અબ્દુલઅઝીઝ બિન જલાવી અલ સાઉદનું લંડનની એક લક્ઝરી હોટલમાં દારૂ, પાર્ટી ડ્રગ્સ અને પ્રિસ્ક્રિપ્શન દવાઓના ઓવરડોઝને કારણે મોત થયું હોવાનું યુકેની કોરોનર કોર્ટની તપાસમાં સામે આવ્યું છે. 25 નવેમ્બરના રોજ કેન્સિંગ્ટન સ્થિત મેરિયટ હોટલના રૂમમાં તેઓ બાથરૂમના ફ્લોર પર બેભાન હાલતમાં મળ્યા હતા. તબીબોએ તેમને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ સ્થળ પર જ મૃત જાહેર કર્યા હતા.

કોર્ટમાં રજૂ થયેલા ટોક્સિકોલોજી રિપોર્ટ મુજબ તેમના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ઇંગ્લેન્ડની કાનૂની મર્યાદાથી લગભગ ત્રણ ગણું હતું. ઉપરાંત GHB નામનું પાર્ટી ડ્રગ, કેનાબિસ, ઝેનેક્સ તથા અન્ય એન્ટી-એન્ઝાયટી દવાઓના અંશો પણ મળી આવ્યા હતા. નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ તમામ પદાર્થોના સંયુક્ત પ્રભાવથી હૃદય બંધ પડતાં તેમનું મૃત્યુ થયું હતું.

તપાસમાં એ પણ સામે આવ્યું કે પ્રિન્સ અગાઉથી દારૂ અને પ્રિસ્ક્રિપ્શન દવાઓના વ્યસનથી પીડાતા હતા. 2025 દરમિયાન તેમણે બે અલગ-અલગ ક્લિનિકમાં સારવાર પણ લીધી હતી. જોકે કોરોનરે સ્પષ્ટ કર્યું કે આપઘાતના કોઈ પુરાવા મળ્યા નથી. કોઈ સુસાઇડ નોટ કે તૃતીય વ્યક્તિની સંડોવણી પણ સામે આવી નથી. ત્યારબાદ સાઉદી શાહી પરિવારે તેમના અવસાનની સત્તાવાર પુષ્ટિ કરી હતી.

પેજ 3

CJP આંદોલન વચ્ચે સોનુ નિગમે દિલ્હી કોન્સર્ટ મોકૂફ રાખ્યો

મુંબઈ, તા. 24: NEET પેપર લીક મુદ્દે ચાલી રહેલા CJPના આંદોલન વચ્ચે ગાયક સોનુ નિગમે 25 જુલાઈએ દિલ્હીના દ્વારકાના યશોભૂમિ કન્વેન્શન સેન્ટરમાં યોજાનારો પોતાનો 'બોસીટીવીટી - સોનુ નિગમ રિમ્બેર્સ રફી' કોન્સર્ટ મોકૂફ રાખ્યો છે. હવે આ કાર્યક્રમ 15 ઓગસ્ટે યોજાશે. ટિકિટ બુકિંગ પ્લેટફોર્મ પર પણ નવી તારીખ દર્શાવવામાં આવી રહી છે. સોનુ નિગમે કહ્યું કે, 'હાલની પરિસ્થિતિ અને લોકોની ભાવનાઓને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો છે.' ઉલ્લેખનીય છે કે તાજેતરમાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન CJPના વિદ્યાર્થી આંદોલન અંગે પૂછાયેલા સવાલથી સોનુ અસ્વસ્થ દેખાયો હતો અને તેણે વાતચીત અધવચ્ચે જ સમાપ્ત કરી દીધી હતી.